૧

વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓમાં બાળકોને ટ્રાન્સપોર્ટેશનની સુવિધા પુરી પાડવા માટે રૂ.૪૮.૦૦/- લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત..

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૧૮/૧૬૬૬૭/ન.બા.૭/છ-૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૦૨/૦૫/૨૦૧૮.

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૦૩/૦૧/૨૦૧૮ નો પત્ર ક્રમાંકઃ સસુખા/યજન/નવી બાબત/૧૮-૧૯/૨૬/૨૦૮.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૦૮/૦૩/૨૦૧૮ નો પત્ર ક્રમાંકઃ સસુખા/યજન/નવી બાબત/૧૭-૧૮/૨૬/૨૭૨.

આમુખઃ-

રાજ્યમાં વિકલાંગોના કલ્યાણ ક્ષેત્રે સમાજ સુરક્ષા હસ્તક દ્રષ્ટીહીન, મૂક બધિર, માનસિક ક્ષતિવાળી, વિકલાંગ તથા સેરેબ્રલ પાલ્સી અને બહુ વિકલાંગતા ધરાવતા બાળકો માટે નિવાસી તેમજ ડે કેર સંસ્થાઓ કાર્યરત છે.

આ સંસ્થાઓમાં બહારથી વિકલાંગ બાળકો ભણવા માટે આવે છે. જેમાં પ્રાથમિક તથા ઉચ્ચ પ્રાથમિક શાળામાં ભણતા વિકલાંગ વિદ્યાર્થીઓ પડોશના વિસ્તારમાંથી ભણવા માટે આવતા હોઈ આ વિદ્યાર્થીઓને ટ્રાન્સપોર્ટેશનની સુવિધા નવા શૈક્ષણિક સત્રના પ્રથમ દિવસથી મળી રહે તે માટે વંચાણે લીધેલ: ક્રમાંક(૨)ના પત્રથી કરવામાં આવેલ નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક: (૧) અને (૨) પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને

વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓમાં બાળકોને ટ્રાન્સપોર્ટેશનની સુવિધા પુરી પાડવા માટે રૂ.૪૮,૦૦૦,૦૦/- (અંકે રૂપિયા અડતાલીસ લાખ)નો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી નીચેની શરતોને અધિન આપવામાં આવે છે.

<u>શરતોઃ-</u>

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ની અંદાજપત્રીય જોગવાઈને અધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં.૯૨, મુ.સ.-૨૨૩૫-૦૨-૧૦૧-૦૧ બજેટ હેડ હેઠળ પાડવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૭/૦૪/૨૦૧૮ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( એસ. એસ. ટાંક )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ- વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઈલ.